ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ)
વિજ્ઞાન અને પ્રૌધોગીકી વિભાગ, ગુજરાત સરકાર માન્ય

# ધી ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટી સંચાલીત કચ્છમિત્ર જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર

સહકાર : રોટરી કલબ ઓફ ભૂજ - ફલેમીંગો

પ્રમુખ ડો.જે.જે.રાવલ,

---

પ્રતિ શ્રી
તંત્રી,
કચ્છમિત્ર,
ભુજ - કચ્છ.

તારિખ:- ૨૦-૦૭-૨૦૧૪

## વિષય :- (પ્રેસ રિલીઝ) ભુજ ખાતે યોજાયો માધ્યમિકશાળાના વિર્ધાર્થીઓ માટે નેશનલ સાયન્સ સેમીનાર ૨૦૧૪

જય વિજ્ઞાન સાથે જણાવવાનું કે ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજકોસ્ટ અને ધી ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટી સંચાલીત કચ્છમિત્ર જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કચ્છ જિલ્લાની માધ્યમિક શાળાઓના વિર્ધાર્થીઓ માટે"**INNOVATIONS IN AGRICULTURE FOR A SUSTAINABLE FUTURE – PROSPECTS & CHALLENGES**" "ટકાઉ ભવિષ્ય માટે કૃષિમાં નવીનીકરણ - આશાઓ અને પડકારો " એ વિષય પર ૧૯ જુલાઇ ૨૦૧૪ ના રોજ ઓલ્ફ્રેડ હાઇસ્કુલ, ભુજ ખાતે નેશનલ સાયન્સ સેમીનાર ૨૦૧૪ નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કચ્છ જિલ્લાની જુદી જુદી શાળાઓના વિર્ધાર્થીઓએ આ સેમીનારમાં ભાગ લીધો હતો.

આ કાર્યક્રમની શરુઆત મુખ્ય મહેમાન તરીકે મદદનીશ ખેતી નિયામક, શ્રી જે.એમ.વરમોરા ના હસ્તે દિપ પ્રાગ્ટય દ્વારા કરવામાં આવી હતી. જેમાં અતિથી વિશેષ પદે શ્રી બી.એમ.સોલંકી આચાર્ય શ્રી ઓલ્ફ્રેડ હાઇસ્કુલ,ડૉ.એકતા જોષી વનસ્પતી વિજ્ઞાન ના પ્રોફેસર લાલન કોલેજ, તથા શ્રી કુલદીપસિંહ સંધા હાજર રહયા હતા. શાળાના સ્પર્ધકોની એપ્ટીટયુડ ટેસ્ટ લીધા બાદ સ્પર્ધકોએ એલ.સી.ડી.તથા ચાર્ટનો ઉપયોગ કરી આપેલ વિષય પર પોતાનું પ્રેઝન્ટેશન રજું કરેલ. તેના પરથી નિર્ણાયકોશ્રી દ્વારા પ્રશ્નોતરી કરવામાં આવેલી અને મુલ્યાકંન કરેલ. જેમાં પ્રથમ સેંટઝેવિયર્સ હાઇસ્કુલ નખત્રાણા ના વિર્ધાર્થી રબારી સુરેશ વંકાભાઇ અને બીજા નંબરે ભુજ ની માતૃછાયા કન્યા વિર્ધાલયની વિર્ધાર્થીની રૂદૈના એમ.સંધિ સુમરા વિજેતા થયેલ હતાં. આ બન્ને વિર્ધાર્થીનીઓ રાજ્ય કક્ષાએ કચ્છજિલ્લા વતી પોતાનું પ્રતિનીધ્વ કરશે. સમગ્ર કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે શ્રી જે.એમ.વરમોરા, અને ડૉ.એકતા જોષી વગેરે સેવા આપી હતી. .ભાગ લેનાર બધા સ્પર્ધકોને પ્રમાણ પત્ર આપવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમ માટે મુંબઇ થી સંસ્થાના પ્રમુખ ડૉ.જે.જે.રાવલે શુભેચ્છા પાઠવી હતી. આખા કાર્યક્રમનું સંચાલન સંસ્થાના સિ.ઇ.ઓ. શ્રી અક્ષય મલ્હોત્રાએ અને સંસ્થાના સભ્ય તેજસ લોડાયા એ સેવા પુરી પાડી હતી. અને વ્યવસ્થા સંસ્થાના પ્રવિણ મહેશ્વરી અને કરીમભાઇ એ સંભાળી હતી.

લિ.આપનો વિશ્વાસુ
અક્ષય મલ્હોત્રા
સિ.ઇ.ઓ.

**9th Year Of Science Popularization In Kachchh –
For The Community And Still Counting. . . . . . . .**

---

બાલભવન, ખેંગારપાર્ક, હમીસર તળાવની બાજૂમાં ભૂજ કચ્છ. ૩૭૦૦૦૧
☎: ફોન નં. ૦૨૮૩૨-૩૨૬૩૪૩. મો.૯૯૨૫૧૩૯૪૨૫..
**Web :- www.ipsindia.org ઇ મેઇલ : akshay68@gmail.com**